# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર  અનિલ પટેલ વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રાઝિલમાં રિયો ડી જાનેરોમાં શરૂ થયેલી બ્રિકસ શિખર પરિષદમાં ઉપસ્થિત
2) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે સહકારી આગેવાનોને પારદર્શકતા, ટેકનોલોજી અને સભાસદોના હિતને કેન્દ્રમાં રાખવા અનુરોધ કર્યો
3) છેલ્લાં એક દાયકામાં ભારતીય અર્થતંત્રનું કદ ત્રણ ગણું વધીને 331 લાખ કરોડ રૂપિયા થયું
4) ગુજરાત, પંજાબ અને હિમાચલ પ્રદેશ સહિતનાં રાજ્યોમાં ભારે વરસાદની હવમાન વિભાગની આગાહી
5) ક્રિકેટમાં, બર્મિંઘમ ટેસ્ટનાં પાંચમાં દિવસે યજમાન ઇંગલેન્ડ સામે જીતવા  ભારતને 4 વિકેટની જરૂર

............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM - BRICS SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં બ્રિકસ શિખર પરિષદમાં ભાગ લઈ રહ્યા છે. પ્રધાનમંત્રીએ બ્રિક્સ સંમેલનના આયોજન બદલ બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઇઝ ઇનાશિયો લુલા દા સિલ્વાનો આભાર માન્યો. પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે આર્થિક સહયોગ અને વૈશ્વિક ભલાઇ માટે મહત્વનો મંચ છે.

બે દિવસ ચાલનારા સંમેલનની 17મી આવૃત્તિમાં વૈશ્વિક શાસન સુધારા, આબોહવા પરિવર્તનના પડકારો, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સહિત અન્ય મુદ્દાઓ પર ચર્ચા થશે. પ્રધાનમંત્રી સંમેલન દરમિયાન અન્ય નેતાઓ સાથે અલગથી દ્વિપક્ષીય બેઠકો કરે તેવી શક્યતા છે. અગાઉ બ્રાઝિલમાં રહેતા ભારતીય મૂળના લોકોએ પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું હતું.

પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો અહેવાલ....

(વોઇસકાસ્ટ – સુધીન્દ્ર)

બ્રિક્સ શિખર સંમેલન પછી પ્રધાનમંત્રી બ્રાઝિલિયાની મુલાકાતે જશે. લગભગ છ દાયકામાં કોઈ ભારતીય પ્રધાનમંત્રીની આ પ્રથમ મુલાકાત હશે. તેઓ બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને ગાઢ બનાવવા માટે બ્રાઝિલના રાષ્ટ્રપતિ સાથે બેઠક કરશે.

પ્રધાનમંત્રી આર્જેન્ટીનાની સફળ મુલાકાત પૂર્ણ કરીને આજે સવારે રિયો ડી જાનેરો પહોંચ્યા હતા. પ્રધાનમંત્રીએ ત્રિનિદાદ એન્ડ ટોબેગો તથા ઘાનાની પણ સફળ મુલાકાત પૂર્ણ કરી છે. બ્રાઝિલ બાદ શ્રી મોદી પાંચ રાષ્ટ્રોનાં પ્રવાસના અંતિમ પડાવ નામિબિયા જશે.

. . . . . . . . . . .

# AMIT SHAH AT ANAND

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે સહકારી આગેવાનોને પારદર્શકતા, ટેકનોલોજી અને સભાસદોના હિતને કેન્દ્રમાં રાખવા અનુરોધ કર્યો છે. સહકાર મંત્રાલયના ચોથા સ્થાપના દિવસ નિમિતે આજે આણંદમાં યોજાયેલા સહકાર સંમેલનમાં શ્રી શાહે કહ્યું, દેશના આર્થિક વિકાસમાં સહકારી મંડળીઓનું મહત્વનું યોગદાન છે. અમૂલ ડેરીના વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ કરતા શ્રી શાહે સહકારી પ્રવૃત્તિને પાંચ 'P' સાથે દેશવ્યાપી વિસ્તારવાનું આહવાન કર્યું.

**(BYTE AMIT SHAH - FIVE 'P')**

શ્રી શાહ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમૂલ ડેરીના ચોકલેટ, દૂધ, દહી અને મોઝરેલા ચીઝના એક્સટેન્શન પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. અગરિયાઓને સહકારી પ્રવૃત્તિમાં જોડવાના હેતુથી આજે કચ્છ મીઠા ઉત્પાદક સહકારી મંડળીની શરૂઆત થઈ છે.

શ્રી શાહે ઉમેર્યું આજે દેશમાં 8 લાખ 40 હજારની વધુ મંડળીમાં 31 કરોડ સભાસદો જોડાયેલા છે. રાજ્યમાં 36 લાખ મહિલાઓ પશુપાલન થકી દૂધ ઉત્પાદન કરે છે.

**(BYTE AMIT SHAH - MILK PRODUCTION)**

. . . . . . . . . . .

# JP NADDA DELHI

કેન્દ્રીય આરોગ્ય મંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ નવી દિલ્હીમાં આજે નિમણૂક પત્ર વિતરણ અને આયુષ્માન ભારત માટેની નોંધણી વાનનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે શ્રી નડ્ડાએ કહ્યું, વિશ્વ આરોગ્ય સંસ્થા- W.H.O.ના એક અહેવાલ મુજબ, ભારતમાં ક્ષયના કેસમાં અંદાજે 17.5 ટકાનો ઘટાડો નોંધાયો છે. જ્યારે વૈશ્વિક સ્તરે આ ઘટાડો માત્ર આઠ ટકા રહ્યો છે.

શ્રી નડ્ડાએ જણાવ્યું કે દેશની આરોગ્ય નીતિ ઉપચારાત્મક સારવારથી નિવારક સારવાર તરફ આગળ વધી છે. મેડિકલ કોલેજોની બેઠકોમાં પણ વધારો થયો છે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

-----------------------------------------------------------------------------

# India's Economy Tripled

છેલ્લા એક દાયકામાં ભારતીય અર્થતંત્રનું કદ ત્રણ ગણું વધ્યું છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ આજે પ્રસિદ્ધ કરેલા આંકડા છેલ્લા દાયકામાં, ભારતનું અર્થતંત્ર 106.57 લાખ કરોડ રૂપિયાથી વધીને વર્ષ 2024–25માં 331 લાખ કરોડ રૂપિયા થયું છે. ગયા વર્ષમાં ભારતની જીડીપીમાં 6.5 ટકાનો વૃધ્ધિ દર નોંધાયો હતો. ભારતીય રિઝર્વ બેંકે 2025-26માં પણ આ જ દરે જીડીપી વૃદ્ધિનો આશાવાદ વ્યકત કર્યો છે.

અન્ય કેટલાંક અંદાજોમાં પણ ભારતની આર્થિક સ્થિતિ અંગે આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્રએ આ વર્ષે 6.3 ટકા અને આવતા વર્ષે 6.4 ટકા જ્યારે ભારતીય ઉદ્યોગ સંઘે 6.4 થી 6.7 ટકા જીડીપી વૃદ્ધિનું અનુમાન વ્યકત કર્યું છે.

ઉલ્લેખનીય છે કે મજબૂત સ્થાનિક માંગને કારણે સાતત્યપૂર્ણ દેખાવ નોંધાયો છે. આ ઉપરાંત, ગ્રામીણ વપરાશમાં વધારો થયો છે જ્યારે શહેરી ખર્ચ વધી રહ્યો છે અને ખાનગી રોકાણમાં પણ  વધારો નોંધાયો છે.

. . . . . . . . . .

# KAILASH MANSAROVAR YATRA

કૈલાશ માનસરોવર યાત્રિકોની બીજી ટુકડી આજે કૈલાશ પર્વત અને માનસરોવરની પવિત્ર યાત્રા પૂર્ણ કરીને ગંગટોક પરત ફરી હતી. 47 યાત્રિકોની બીજી ટુકડીએ ગયા મહિને 25મી તારીખે નાથુ લા સરહદ પાર કરીને યાત્રા શરૂ કરી હતી.

યાત્રાળુઓએ પૂરતી વ્યવસ્થા અને આતિથ્ય માટે સિક્કિમ સરકારનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

કૈલાસ માનસરોવર યાત્રા ગયા મહિને 20મી તારીખે નાથુ લાથી શરૂ થઈ હતી, જ્યાં સિક્કિમના રાજ્યપાલ ઓમ પ્રકાશ માથુરે 36 યાત્રિકોના પ્રથમ જૂથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

...........

# Mhuarram

દેશનાં વિવિધ ભાગોમાં આજે આશુરા-એ-મોહરમ પર્વ ધાર્મિક શ્રધ્ધા સાથે મનાવવામાં આવી રહ્યો છે. આ દિવસ પૈગમ્બર મોહમ્મદના દોહિત્ર હઝરત ઈમામ હુસૈન અને તેમના શિષ્યોની શહાદતની યાદમાં મનાવાય છે, જેઓ સત્ય અને ન્યાય માટે કરબલામાં શહીદ થયા હતા.

આ પ્રસંગે દિલ્હીમાં જામા મસ્જિદ, નિઝામુદ્દીન, ઓખલા અને મહેરૌલી સહિત અનેક વિસ્તારોમાં તાજિયાના જુલુસ કાઢવામાં આવ્યા. કરબલના શહીદો અંગે માહિતી આપવા માટે મજલિસ એટલે કે ધાર્મિક બેઠકોનું આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું, હઝરત ઈમામ હુસૈને લોકોને પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં પણ સત્ય પર અડગ રહેવાની પ્રેરણા આપી હતી.

. . . . . . . . . . .

## Weather

હવામાન વિભાગે આગામી બે દિવસ સુધી હરિયાણા, ચંદીગઢ, પંજાબ અને હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદની આગાહી કરી છે. 11 જુલાઈ સુધી ઉત્તરાખંડ અને પૂર્વ રાજસ્થાનના કેટલાક સ્થળોએ ભારે વરસાદની શક્યતા છે. કોંકણ અને ગોવાના કેટલાક વિસ્તાર તથા ગુજરાતમાં આગામી સાત દિવસ ભારે વરસાદની આગાહી છે.

હિમાચલ પ્રદેશમાં ચોમાસાનો વરસાદનો વિનાશ ચાલુ છે. રાજ્યનાં મોટા ભાગનાં જિલ્લામાં આજે સવારથી ભારે વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે મંડી, કાંગડા અને સિરમૌર જિલ્લામાં ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કર્યું છે.

શિમલા, સોલન અને હમીરપુર સહિત નવ જિલ્લામાં આગામી 24 કલાક પૂરની ચેતવણી આપવામાં આવી છે.

. . . . . . . . . . .

## CRICKET-IND ENG

ક્રિકેટમાં, બર્મિંઘમ ટેસ્ટનાં પાંચમાં દિવસે યજમાન ઇંગલેન્ડે ભારત સામે છેલ્લાં અહેવાલ પ્રમાણે 6 વિકેટ ગુમાવીને 167 રન કર્યા છે. ઇંગલેન્ડ હજુ  441 રન પાછળ છે.

એન્ડરસન -તેંડુલકર ટ્રોફીની બીજી ટેસ્ટમાં ભારત મજબૂત સ્થિતિમાં છે અને મેચ જીતીને પાંચ મેચની શ્રેણીને 1-1થી સરભર કરવા તેને 4 વિકેટની જરૂર છે. વરસાદ અને ભીના આઉટફીલ્ડને કારણે રમત મોડી શરૂ થઈ હતી.

ઇંગલેન્ડે ત્રણ વિકેટે 71 રનનાં ગઈ કાલનાં સ્કોરથી રમત આગળ ધપાવી હતી. ચોથા દિવસે ભારતીય ક્રિકેટર શુભમન ગિલે ટેસ્ટ ક્રિકેટનાં ઇતિહાસમાં ભારત વતી સૌથી વધુ રન કરનાર ખેલાડી તરીકેનો વિક્રમ સર્જ્યો. ગિલે બંને ઇનિંગ મળીને 430 રન કર્યા.

. . . . . . . . . . .

# WIMBLEDON

વિમ્બલ્ડન ટેનિસમાં, આજે એક માત્ર ભારતીય ખેલાડી યુકી ભાંબરી રમશે. મિક્સ્ડ ડબલ્સમાં ભાંબરી અને ચીનના શિન્યુ જિયાંગની જોડી ચીનની જોડી માર્સેલો અરેવાલો અને શુઆઇ ઝાંગનો સામનો કરશે.

પુરુષ સિંગલ્સમાં, વર્તમાન ચેમ્પિયન કાર્લોસ અલ્કારાઝ એન્ડ્રી રુબલેવ સામે રમશે. મહિલા સિંગલ્સમાં, વિશ્વમાં પ્રથમ ક્રમાંકિત આર્યાના સબાલેન્કે પ્રથમ વિમ્બલ્ડન ટાઇટલ જીતવા એલિસે મર્ટેન્સનો મુકાબલો કરશે.

. . . . . . . . . . .

# TEXAS FLOOD

અમેરિકામાં, મધ્ય ટેક્સાસમાં વિનાશક પૂરનો મૃત્યુઆંક 51 પર પહોંચ્યો છે, જેમાં 15 બાળકોનો સમાવેશ થાય છે. ગુઆડેલોપે નદી કાંઠાની કેર કાઉન્ટીમાં સમર કેમ્પમાંથી 27 છોકરીઓ સહિતનાં ગુમ લોકોને શોધવા માટેનું અભિયાન ચાલુ છે. નદીનું જળસ્તર માત્ર ત્રણ કલાકમાં અંદાજે 30 ફુટ વધી જતાં આ દુર્ઘટના સર્જાઈ હતી.

. . . . . . . . . . .

# UK-SYRIA DIPLOMATIC RELATION

સિરિયા અને બ્રિટને પોતાના રાજદ્વારી સંબંધોને સત્તાવાર રીતે પુનઃજિવીત કર્યા છે. બ્રિટનના વિદેશ સચિવ ડેવિડ લેમીએ દમાસ્કસની મુલાકાત લીધી હતી.

બંને દેશો દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવાના હેતુથી લંડનમાં સિરિયાનું દૂતાવાસ પુનઃ ખોલવા અને સિરિયા-બ્રિટિશ આર્થિક પરિષદ સ્થાપવા સંમત થયા હતા. લેમીએ સીરિયાના કૃષિ અને શિક્ષણ ક્ષેત્રોને ટેકો આપવાની બ્રિટનની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરી હતી અને સિરિયાની આર્થિક રિકવરી અને સમાવેશી રાજકીય પરિવર્તન માટે બ્રિટનનાં સમર્થન પર ભાર મૂક્યો હતો.

લેમીએ સિરિયામાં માનવતાવાદી રાહત પ્રદાન કરવા, શિક્ષણ અને આજીવિકાને વેગ આપવા અને સીરિયન શરણાર્થીઓને આશ્રય આપતા

પડોશી દેશોને ટેકો આપવા માટે 11 કરોડ ડોલરનાં સહાય પેકેજની જાહેરાત કરી હતી.

. . . . . . . . . . .